ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૯ ડીગ્રી
લઘુતમ : ૨૪.૧ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૭ ટકા

# જર-જમીન અને જોરૂ...એ.. કજીયાના છોરૂ

જેમ સાપને દૂધ પીવડાવવાથી વિષ વધે છે તેમ પંડિતોના ઉપદેશથી મૂર્ખોને શાંતિ થતી નથી પરંતુ ક્રોધ વધે છે માટે મૂર્ખને ક્યારેય ઉપદેશ આપવો નહી.જે પોતાના શત્રુઓને સબળ કે નિર્બળ ધારી લઈને તેમનો ખરેખરો ભેદ જાણી લેતો નથી તેને શત્રુ માર્યા વિના છોડતો નથી.સજ્જનના સંગથી પ્રતિષ્ઠા વધે છે,પરંતુ દુર્જનના સંગથી પ્રતિષ્ઠા હણાય છે..હાથી સ્પર્શ કરતાં જ,સાપ ડસતાં જ,રાજા રક્ષણ કરતો હોવા છતાં અને દુષ્ટ હસતો હોય તો પણ મારી નાખે છે.રાજા-ગાંડો-બાળક-અસાવધાન ધનવંત અને અહંકારી..આટલા અશક્ય વસ્તુઓની પણ ઈચ્છા કરે છે,તો જે મળવી શક્ય નથી તેવી વસ્તુઓની ઈચ્છા કરે તેમાં તો નવાઈ જ શું !

દુષ્ટે સાથે બેસવા-ઉઠવાનો ય સંપર્ક રાખવો જોઈએ નહી.ભલે સેકડો રૂપિયાનું નુકશાન થાય તેમ છતાં લડાઈ કરવી નહી..આ મત બુદ્ધિમાનોનો છે અને વિના પ્રયોજન ક્લેશ ઉભો કરવો તે મૂર્ખાઓનું લક્ષણ છે.જે ચતુર હોય છે તેઓ રૂપ રંગ ચેષ્ટા નેત્ર અને મુખના હાવભાવથી બીજાના પેટમાંની વાત જાણી લે છે.જે વાત છ કાન સુધી પહોંચે તેનો તમામ ભેદ ખુલ્લો થઈ જાય છે.

સલાહ ગુપ્ત રાખવાથી કેટલાક દિવસ પછી તેનું ફળ મળે છે.માણસે પોતાનાથી જે મોટો હોય તેનાથી દૂરથી જ ડરતા રહેવું જોઈએ પરંતુ જો તે પાસે આવી જ જાય તો ધીરજ રાખીને તેને શૂરાતન બતાવવું કે જેથી તે આરંભથી જ લડવા-ઝઘડવાની વાત ન કરે કારણ કે આરંભે એકદમ ગરમ થઈ જવું તે વિઘ્નની નિશાની છે.ગમે તેવો બુદ્ધિમાન પણ જે કામ કરેલ ના હોય તેવું નવું કામ કરવાનું આવે ત્યારે મુંઝાય છે અને તેની બુદ્ધિ ગુંચવાય જાય છે.બળિયાની સાથે બાથ ભિડવી એ શૂરવીરની નિશાની છે.પુરૂષે પોતાના મનનો ભેદ કે પોતાની નિર્બળતા કોઈની સમક્ષ પ્રગટ ન કરવાં.પોતાના પક્ષનો સાથ ક્યારેય છોડવો નહી અને વિદેશીને ક્યારેય ઘરમાં ઘુસાડવો નહી.

જે સભામાં વૃદ્ધ ના હોય તે સભા સભા કહેવાતી નથી,જે ધર્મની વાત ના કહે તે વૃદ્ધ કહેવાતો નથી, જે સત્ય ના હોય તે ધર્મ કહેવાતો નથી અને જેમાં છળ ભરેલું હોય તે સત્ય કહેવાતું નથી. અસંતોષી બ્રાહ્મણ, સંતોષી રાજા, લજ્જાવાળી વેશ્યા અને નિર્લજ્જ કુળવંતી..આ ચાર થોડા જ દિવસોમાં નાશ પામે છે. જર જમીન સ્ત્રી રાજા મિત્ર અને ધન..આ બધાં લડાઈનાં મૂળ છે.જેમ ફક્ત દવાનું નામ લેવાથી રોગીનો રોગ મટતો નથી તેમ ખાલી સલાહથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી.ધન આપનારની પાસે ભલભલા પણ નમ્રતા રાખે છે.જેમાં આપણો લાભ અને શત્રુનું નુકશાન હોય તે કાર્ય કરવાં..એમાં જ ચતુરાઈ દેખાય છે. હિતકારી શત્રુ પણ મિત્ર છે અને અપકારી ભાઈ પણ શત્રુ છે.દાતા હોવા છતાં મીઠું બોલે અને પાત્રને યોગ્ય જોઈને દાન કરે,વીર હોવા છતાં પોતાના શૌર્યની વાતો ના કરે અને સત્યવાદી હોવા છતાં દયાવાન હોય..તે બધા સિદ્ધ પુરૂષો કહેવાય..

ભાગ્યવશાત એક વખતે કોઈકના સબંધમાં એક વાત બની ગઈ તે ઉપરથી એમ માની લેવાની જરૂર નથી કે આપણે માટે પણ એવી ઘટના એ જ પ્રકારે બનશે..જે રાજા કપટી લોભી આળસુ જુઠા કાયર અધિર તથા મુરખ હોય અને પોતાના શૂરવીર તેમજ મંત્રીઓનું કહેવું માને નહી તેને સહજ મારી શકાય છે.જેમ વૃદ્ધાવસ્થા માનવીના રૂપ રંગનો નાશ કરે છે તેમ અહંકાર લક્ષ્મીનો વિનાશ કરી નાખે છે.જે સમજદાર હશે તે લક્ષ્મીને પ્રાપ્ત કરશે..જે હલકું ભોજન કરશે તે નિરોગી રહેશે અને જે નિરોગી હશે તે સુખથી રહેશે..જે અપથ્ય ભોજન કરે તેને રોગ સતાવવાનો..જેની પાસે લક્ષ્મી હશે તેને અભિમાન અવશ્ય થવાનું.જેનો જન્મ થાય છે તેનું મૃત્યું થવાનું જ તથા જે પરસ્ત્રી(પરપુરૂષ) ના પ્રેમમાં ફસાશે તેને દુઃખ ભોગવવું પડવાનું જ...!

જેમ આંધળાને આરસીનું કશું પ્રયોજન નથી તેમ જે મુરખ છે તેને ઉપદેશનું કશું પ્રયોજન નથી તેથી તેવાઓને ઉપદેશ આપવો વૃથા છે.દેવતા ગુરૂ ગાય રાજા બ્રાહ્મણ બાળક વૃદ્ધ અને રોગી..આ બધાં ઉપર ગુસ્સો ના કરવો.જેને વિજય મેળવવો હોય તેને આળસનો ત્યાગ કરવો જોઈએ..વિવાહ વિપત્તિ શત્રુનાશ યશવૃદ્ધિ મિત્રાદર પ્રિય સ્ત્રી અને બંધુઓનાં ભોજન..આટલાં કાર્યોમાં વાપરેલું ધન વૃથા ગણાતું નથી.જેને હર્ષ અને ક્રોધ સરખાં છે, જેને શાસ્ત્રમાં શ્રદ્ધા છે તથા સેવકોની ઉપર પ્રેમ અને વિશ્વાસ છે તેને જ પૃથ્વી ઉપર અધિક ધન મળે છે.આક્રમણ-પરાક્રમ અને પીછેહઠ જે કાંઈ કરવાનું હોય તે તત્કાળ કરવાં.ભાગ્ય ખરાબ હોય તો સુઘડતાથી કરેલ કામ પણ બગડી જાય છે.જ્યારે મૂર્ખ માનવીની ખરાબ દશા આવે છે ત્યારે તે ભાગ્યને દોષ દીધા કરે છે પરંતુ પોતાના કર્મોમાં ભુલ થઈ હોય તેનો વિચાર કરતો નથી.આફત આવે તેના પહેલાં ઉપાય કરવો જોઈએ..જે હિતૈષીનું કહેવું માને નહી તેને ખુબ દુઃખ ભોગવવું પડે છે.

જે માણસ શત્રુના ઉપકારની અથવા પ્રેમની પ્રતીતિ કરી લે છે તે વૃક્ષની ડાળી ઉપર સુનાર માણસ જેમ ભોંય પર પડછાયા પછી પસ્તાય તે રીતે પસ્તાય છે.જે માનવી આગળ-પાછળનો વિચાર ના કરે તેને ઉપદેશ કરવો તે ભૂસાને દળવા તુલ્ય વ્યર્થ છે તેમજ હલકા માનવી ઉપર ઉપકાર કરવો તે રેતીમાં નિશાન કરવા જેવું છે.નીચ જ્યારે ઉચ્ચ પદ પ્રાપ્ત્ કરે છે ત્યારે તે પોતાના સ્વામીને જ મારવાની ઈચ્છા કરે છે. જ્યાં સુધી ભય પાસે આવ્યો ના હોય ત્યાં સુધી તેનાથી ડરવું પણ જ્યારે તે સામે આવીને ખડો થાય ત્યારે નિડર બની તેનો સામનો કરવો જોઈએ..સત્યભાષી ધર્મશીલ દુષ્ટ અધિક ભાઈઓવાળા,શૂરવીર અને અનેક સંગ્રામોમાં વિજય પ્રાપ્ત કર્યો હોય..એ સાત પ્રકારના મનુષ્યો સાથે મેળ રાખવો.

જે સાચુ બોલનારો અને ધર્માત્મા નથી તેની સાથે ક્યારેય મેળ કરવો નહી.વિચારનાં પાંચ અંગઃ આરંભેલાં કાર્યો પુરાં કરવાં,માનવીનો તથા ધનનો સંચય કરવો,દેશ-કાળનો વિવેક કરવો,વિપત્તિઓને મારી હટાવવી અને કાર્ય સિદ્ધ કરવું..ચાર યુક્તિઓઃસામ દામ દંડ અને ભેદ..ચાર શક્તિઓઃઉત્સાહ શક્તિ મંત્ર શક્તિ તથા પ્રભુ શક્તિ..પ્રાણ ત્યાગ કરવાથી પણ જે લક્ષ્મી મળતી નથી તે લક્ષ્મી્ જાતે ચંચળ હોવા છતાં પણ નીતિમાનોના ઘેર દોડતી જઈ પહોચે છે.ભય વિના પ્રીતિ સંભવ નથી.સત્યભાષી માનવી જો સમજ્યા વિચાર્યા વિના સહુ કોઈને પોતાના જેવા જ સમજે તો સામાવાળા દુષ્ટ? માણસો તેને ઠગી જાય છે.

પોતાના કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે..આ વિધાતાનું વિધાન છે.જે સાક્ષી કોઈપણ વાતને સાચી રીતે જાણવા છતાં તેને પૂછવાથી કંઈક બીજું જ (જુઠું) બતાવે છે તે પોતાની સાત પેઢીઓનો નાશ કરે છે,મૌન રહે છે તે પણ પાપનો ભાગીદાર બને છે.પૂત્રવાન વ્યક્તિ આલોકમાં જે ઉત્તમગતિને પ્રાપ્ત કરે છે તેનું ધર્માનુકૂળ ફળ તપથી પણ પ્રાપ્ત થતું નથી.જે અન્ય પ્રાણીઓને હાની પહોચાડે છે તેમની ઉપર વિધાતા દ્વારા પ્રાણનાશક દંડ આપવામાં આવે છે.ક્યારેક ઘમંડમાં આવીને બ્રહ્મવાદી મહાત્માઓનું અપમાન-ઉપહાસ ન કરવો કારણ કે તેમની પાસે વાણીરૂપી અમોઘ વજ્ હોય છે તથા તિક્ષ્ણ કોપવાળા હોય છે.

સાધુ પુરૂષ સ્વેચ્છાથી ક્યારેય પોતાના બળની સ્તુતિ અને પોતાના મુખથી પોતાના વખાણ કરતા નથી.પિતાએ પોતાનો પૂત્ર મોટી અવસ્થાવાળો થઈ જવા છતાં હંમેશાં સત્કર્મોનો ઉપદેશ આપતા રહેવું જોઈએ, જેનાથી તે ગુણવાન બને તથા મહાન યશને પ્રાપ્ત કરે.ક્રોધ ધર્મનો નાશક છે,ક્રોધ પ્રયત્નશીલ સાધકને અત્યંત દુઃખથી ઉપાર્જિત કરેલ ધર્મનો નાશ કરી દે છે.શમ(મનોનિગ્રહ) જ ક્ષમાશીલ સાધકોને સિદ્ધિની પ્રાપ્તિ કરાવે છે.જે પાપાત્મા હોવા છતાં પોતાને ધર્માત્મા કહે છે તે મૂર્ખ પાપથી આવૃત ચોર તથા આત્મવંચક છે.સ્ત્રીનું કુમારાવસ્થામાં પિતા,યુવાનીમાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પૂત્ર રક્ષણ કરે છે એટલે સ્ત્રીને ક્યારેય સ્વતંત્ર ના રહેવું જોઈએ.જે ગર્ભાધાન દ્વારા શરીરનું નિર્માણ કરે છે,જે અભયદાન આપીને પ્રાણોની રક્ષા કરે છે અને જેનું અન્ન ખાવામાં આવે છે..આ ત્રણેય પ્રકારના પુરૂષને પિતા કહેવામાં આવે છે.

## ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગ દ્વારા આવકાર કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૫

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા બી. એ અને એમ. એમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે આવકાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન અને ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ કનૈયાલાલ નાયકના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમાં ડૉ.રાજેન્દ્ર જોષી, ડૉ.મુંજાલ ભીમદાડકર, ડૉ.વિક્રમ સિંહ અમરાવત, ડૉ. જેનામાબીબી કાદરી, ડૉ.મોતીભાઈ દેવું ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને ભજનથી થઈ હતી. ત્યારબાદ ડૉ.રાજેન્દ્ર જોષીએ આશીર્વચન આપ્યા હતા. એમ. એ બીજા વર્ષના બહેનોએ સ્વાગત ગીત રજૂ કર્યું. ડૉ.વિક્રમ સિંહ અમરાવત એ વિદ્યાર્થીઓએ ગ્રંથાલયનો વધુ ઉપયોગ કરી જ્ઞાનમાં સતત વધારો કરવો જોઈએ. ડૉ.મોતી દેવું એ આવનાર સમયમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વ્યક્તિત્વ વિકાસ અને જીવન ઘડતર માટેના આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ કનૈયાલાલ નાયકએ સમગ્ર કાર્યક્રમના આયોજન માટે સૌ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન આપ્યા હતા. અને ઈતિહાસ વિભાગ દ્વારા વિવિધ સેમિનાર, વર્કશોપ , કાર્યક્રમો યોજાશે જેના દ્વારા વિદ્યાર્થીઓ નવું જાણી શકે. ડૉ. જેનામાબિબી કાદરી એ આભારદર્શન અને જીવન ઘડતર માટે ધ્યાન રાખવાની બાબતો વિશે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એ બીજા વર્ષના વિદ્યાર્થિનીઓ ચંદ્રિકા અને રિયા પટેલે કર્યું હતું.

## સમર્પણ કોલેજમાં "દીક્ષારંભ" કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રાંગણમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો આવકાર સમારંભ "દિક્ષારંભ ૨૦૨૩-૨૪" યોજાયો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, મુખ્ય મહેમાન તરીકે સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસનાં કેમ્પસ રજિસ્ટ્રાર ડૉ. એમ. ડી. પાંડે, અને અતિથિ વિશેષ સ્થાને સંસ્થાના બોર્ડ ઓફ ગવર્નન્સના સદસ્ય અને સરકારી સાયન્સ કૉલેજ, જસદણના આચાર્ય ડૉ.નરેન્દ્ર ચોટલિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ કોલેજની વિદ્યાર્થીની બહેનોએ સરસ્વતી વંદનાથી કરેલો. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિષયના અધ્યક્ષ અને એન.એસ.એસ. સંયોજક ડૉ.નીતેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને સમગ્ર કોલેજના અધ્યાપકો અને કર્મચારી ગણનો પરિચય આપ્યો. ત્યારબાદ ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.દીપક પંડ્યાએ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના આરંભથી આજ સુધીની સફર રજૂ કરી. ત્યારબાદ કોમર્સ વિભાગના અધ્યક્ષ અને સર્ટીફીકેટ કોર્સ સમિતિના સંયોજક ડૉ.લલિતા સોલંકીએ સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓની રજૂઆત વિગતે કરી હતી. તેમના ઉદ્‌બોધન બાદ વિદ્યાર્થીઓની વ્યક્તિત્વ વિકાસ સાધતી ઈતર પ્રવૃત્તિઓની વાત સાંસ્કૃતિક સમિતિના સંયોજક ડૉ.સમીર ભટ્ટે કરી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંયોજક વૈભવ કોઠારીએ અને કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કુશળતાપૂર્વક કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ.એમ. ડી પાંડે અને આચાર્ય ડૉ.રાજેશ મહેતાએ કર્યુ હતું. કાર્યક્રમમાં સંસ્થાના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા આશરે ૩૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા જોઈ સંચાલક મંડળે આચાર્યશ્રીને આ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## મગોડી ખાતે રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે જન્મદિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર તાલુકા ના મગોડી ખાતે આવેલ રાહેલબા વુદ્ધાશ્રમ અશકત નિરાધાર મંદ બુદ્ધિના વડીલોની સેવાભાવી સંસ્થા દ્વારા વિવિધ સેવાકિય પ્રવૃતિઓ અને કાર્યો થકી સેવાયજ્ઞ ચાલી રહ્યું છે આ સંસ્થામાં જન્મદિવસ પુણ્ય તિથિ અને અન્ય દિવસોની યાદગીરી સ્વરૂપે વિવિધ કાર્યકમો દ્વારા વડીલોની સેવાભાવી નાગરિકો સહયોગી બન્યા તત્પર હોય છે ત્યારે સંસ્થામાં સેવા બજાવતા ઉપપ્રમુખ તરીકે યશવંત સિંહ ઝાલાના જન્મ દિવસની ઉજવણી અંતર્ગત વિશેષ કાર્યક્ર્મમાં વડીલો દ્વારા ફૂલહાર પહેરાવીને આશીર્વાદ સાથે શુભેચ્છા પાઠવી તેમનું જીવન સુખમય દીઘાર્યુ અને તંદુરસ્ત જીવન રહે તેવી શુભકામના પાઠવી હતી આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નિર્મલાબેન બુકેથી સ્વાગત કરી જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી



આદર્શ નિવાસી શાળા (અ.જા.કુમાર) સેક્ટર-૮, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા પ્રકૃતિ ઉદ્યાન ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી.

## ભાજપના મતદાતા ચેતના અભિયાનનો પ્રારંભ

### ૩૦ ઓગસ્ટ સુધી ડોર ટુ ડોર સંપર્ક કરી મતદાર નોંધણી અને સુધારા માટે કાર્યકર્તાઓ જાગૃતિ ફેલાવશે





મતદાર નોંધણી અને સુધારા અંગે જનજાગૃતિ માટે પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ મતદાતા ચેતના અભિયાનનો પ્રારંભ થયો છે જે ૩૦ ઓગસ્ટ સુધી ચાલશે જેમાં ભાજપ સંગઠન દ્વારા ડોર ટુ ડોર સંપર્ક કરવામાં આવનાર છે. જે અન્વયે અભિયાનના પ્રથમ દિવસે કુડાસણ ખાતે પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ગૃહરાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ઘર-ઘર સંપર્ક કરી નાગરિકો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. આ તકે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સંગઠનના હોદ્દેદારો કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ પણ જનસંપર્ક કાર્યમાં જોડાયા હતાં. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં ભાજપે જનસંપર્કની શરૂઆત કરી હતી.

## બ્રહ્માકુમારીઝ સેક્ટર-૩ સેવાકેન્દ્ર દ્વારા રક્ષાબંધન



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર-૩ ના સેવા કેન્દ્ર દ્વારા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રના સંચાલિકા બ્રહ્માકુમારી સુનિતા દીદીએ રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય બતાવતા કહ્યું કે રાખડી બાંધવી એટલે ગાંઠ બાંધવી અર્થાત દ્રઢ સંકલ્પ લેવો. દીદીએ સર્વ બાળકોને સદાય નિર્વ્યસની રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી તથા મૂલ્યલક્ષી બાબતો પર બાળકોનું ધ્યાન દોર્યું.

## છાલા હાઈસ્કૂલમાં નવા આચાર્ય તરીકે લાલજી દેસાઈની નિમણૂંક



ગાધીનગર તાલુકાના છાલા ગામ ની પ્રતિષ્ઠિત એવી શેઠ.કેમ.એમ સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય નાથુભાઈ પટેલની દહેગામની પૂર્ણિમા હાઈસ્કૂલમાં આચાર્ય પદે નિમણૂંક થતાં છાલા હાઈસ્કૂલમાં આચાર્ય પદ માટેની જગ્યા ખાલી પડી હતી હાઈસ્કૂલમાં આચાર્ય પદ માટે ગામના વતની અને યુવા તથા હાલીસા હાઈસ્કૂલમાં ફરજ બજાવતા લાલજી ચૌધરીની નિમણૂંક થતાં આજે તેમણે આચાર્ય પદે ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે કેળવણી મંડળના સભ્યો તથા ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવા વરાયેલા આચાર્યને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નવા વરાયેલા આચાર્ય લાલજી દેસાઈએ સૌનો આભાર માની છાલા હાઈસ્કૂલ આગામી સમયમાં પણ શૈક્ષણિક ક્ષેત્ર માં આગળ રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી



હર્ષદ રૂપપરા
માહિતી મદદનીશ
મો. ૯૭૨૮૫ ૧૫૨૯૫



જાડેજા દિવ્યરાજસિંહ ભૂપેન્દ્રસિંહ
મો. ૯૮૨૪૬ ૨૧૪૧૬



પ્રજાપતિ પારુલબેન દિપકભાઈ



શિવાંશ ગૌરવ પોપટ



કિઆન ધર્મેશકુમાર પરમાર

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.મકવાણા શૈલેષ અમરાભાઈ ઉ.વ.૮૨, ગાંધીનગર
- સ્વ.ચૌહાણ મનુભાઈ અમરાભાઈ ઉ.વ.૭૮, ગાંધીનગર
- સ્વ.ઠાકોર કમાજી ગલાજી ઉ.વ.૫૪, વાવોલ

## આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસ નિમિત્તે પુનમભાઈ ભટ્ટ, સ્વર્ગ સ્વપ્ન ફ્લેટ, પેથાપુરના નિવાસ સ્થાને શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.

સમાચાર પસંદગી માટે પીઆરબી એક્ટ હેઠળ જવાબદાર વ્યવસ્થાપક મયુર જી.પટેલ
ફોન નં. : 23222571,
મો.નં.98797 97884
ઈમેઈલ : Gandhinagar samachar@gmail.com

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક